GJSK040000442026		
	આંક–	
	કેસ દાખલ તા:	૦૭/૦૧/૨૦૨૬
	કેસ રજી.તા:	૦૭/૦૧/૨૦૨૬
	કેસ ફેસલ તા:	૦૩/૦૭/૨૦૨૬
	સમય ગાળો:	વર્ષ–માસ–દિવસ

–: નમુનો – અ :–

મે. એડી. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઈડર. ચુકાદાની તા.૦૩/૦૭/૨૦૨૬ ફોજદારી કેસ નં.૨૯/૨૦૨૬	
ગુનાની કલમ	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮
પ્રથમ માહિતી અહેવાલ નંબર	પ્રાઈવેટ ફરીયાદ
ફરીયાદી	મનીષકુમાર દેવચંદભાઇ પટેલ, ઉ.વ.૪૩, તે લાવિન નિધિ લી. ઇડરના ડીરેકટર, રહે.લાલોડા, તા.ઈડર, જી.સાબરકાંઠા.
ફરીયાદી તરફે વિ.વ.શ્રી	જી.આઇ.કુંપાવત.
આરોપી	કપિલકુમાર અમૃતભાઇ ઠાકરડા, ઉ.વ.૨૫, મુ.પો.ચિત્રોડા, તા.ઈડર, જી.સાબરકાંઠા.
આરોપી તરફે વિ.વ.શ્રી	બી.ડી.સુતરીયા.

–: નમુનો – બ :–

પ્લી નોંધ્યા તારીખ	૧૩/૦૨/૨૦૨૬
ચુકાદો માટે રાખવાની તારીખ	૦૩/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	૦૩/૦૭/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	૦૩/૦૭/૨૦૨૬

:: આરોપીની વિગત ::

નં.	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકિત તારીખ	ફરીયાદ	શું નિર્દોષ છોડયા / સજા કરી	કરવામાં આવેલ સજા
૧	કપિલકુમાર અમૃતભાઇ ઠાકરડા	–	–	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮	સજા કરી	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ અન્વયે ૧ (એક) વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમનો દંડ

:: નમુનો – ક ::

ફરીયાદી તથા આરોપી તરફે રજુ થયેલ પુરાવો

અ. ફરીયાદપક્ષ

અનુ.	આંક	વિગત
૧	૦૪	ફરીયાદી મનીષકુમાર દેવચંદભાઇ પટેલનું સોગંદનામું
૨	૧૦	લાવીન નિધિ લિમિટેડના સર્ટીફીકેટની ખરી નકલ
૩	૧૧	લાવીન નિધિ લિમિટેડના મેમોરંડમની ખરી નકલ
૪	૧૨	લાવીન નિધિ લિમિટેડના ડિરેકટરોએ ફરીયાદ દાખલ કરવા માટે આપેલ સત્તાનો પત્ર
૫	૧૩	કરજખતની ખરી નકલ
૬	૧૪	આરોપીના ખાતાનું સ્ટેટમેન્ટ
૭	૧૫	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૦૦૦૦૦૧
૮	૧૬	કાઉન્ટર સ્લીપ
૯	૧૭	બેન્કે આપેલ રીટર્ન મેમાની નકલ
૧૦	૧૮	આરોપીને રજી.પો.એડીથી મોકલાવેલ નોટીસની પહોંચ
૧૧	૧૯	નોટીસની સ્થળપ્રત
૧૨	૨૦	આરોપીને આપેલ નોટીસ આરોપીને મળી ગયેલ જે અંગેનુ પોસ્ટનું ઓનલાઈન સ્ટેટમેન્ટ

-:: ચૂકાદો ::-

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદીની લાવીન નિધિ લીમીટેડ નામની કંપની આવેલ છે જે કંપની આવેલ છે જે કંપની એકટ મુજબ નોંધાયેલ કંપની છે. ફરીયાદી તે કંપનીના ડીરેકટર છે. આ કંપની દામોદર કોમ્પલેક્ષ, ઇડર મુકામે આવેલ છે. ફરીયાદી કંપની સરકારના નિતિ નિયમો મુજબ ડીપોજીટો લેવાનું તેમજ ધિરાણ આપવાનું કામકાજ કરે છે. ફરીયાદીને ધિરાણ વસુલાત માટે તેમજ કંપનીના બાકીદારો વિરુધ્ધ કોર્ટને લગતી તમામ કાર્યવાહી કરવાની સત્તા લાવીન નિધિ લિમિટેડના ડિરેકટરો વતી ફરીયાદીને આપવામાં આવેલ છે. આરોપીએ ફરીયાદી લાવીન નિધિ લિમિટેડ માંથી તા.૧૬/૦૭/૨૦૨૪ ના રોજ રૂ.૬૦,૦૦૦/-ની જાત જામીનગીરીની લોન ૨૪ માસ માટે વાર્ષીક ૧૮.૬% ના દરે લીધેલ છે અને સદર લોનની રકમ વ્યાજ ખર્ચ માટે આરોપીએ ફરીયાદીને જરૂરી દસ્તાવેજો કરી આપેલ અને આ દસ્તાવેજોમાં કરજદાર તરીકે આરોપી એ તથા ક્રિષ્નાબેન અમૃતભાઇ પરમારએ સહ કરજદાર તરીકે સહી કરેલ છે. આ દસ્તાવેજો કરી આપતી વખતે અને લોનની રકમ લેતી વખતે આરોપીએ ફરીયાદીને એવો વચન કે વિશ્વાસ આપેલ કે, લોનની રકમ વ્યાજ ખર્ચ સહિત નિયત સમયમાં નકકી કરેલ હપ્તાઓ મુજબ વસુલ આપી દઈશુ તેવા આરોપીના વચનો અને વિશ્વાસ ઉપર આધાર રાખી ફરીયાદીએ આરોપીને લોનની રકમ આપેલી અને દસ્તાવેજોમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરીયાદીને નકકી કરેલ નિયત સમયમાં રકમ ચુકવી આપવા જવાબદાર અને બંધાયેલા હતા અને છે. આરોપી લોનની રકમ નિયમિત રીતે ફરીયાદીને વસુલ ન આપે તો ફરીયાદી બાકી લ્હેણી પડતી રકમ વ્યાજ તથા દંડનીય વ્યાજખર્ચ સાથે આરોપી પાસેથી વસુલ મેળવવા હકકદાર હતા અને

છે.આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ લોનની રકમ નિયમિત રીતે ફરીયાદીને વસુલ આપેલ નહી. આરોપીએ ફરીયાદીની લોનની વ્યાજ સહિતની રકમ રૂા.૨૮,૭૦૦/– તા.૩૦/૧૧/૨૦૨૫ સુધીની બાકી લેણી નીકળે છે તે રકમની ચુકવણી માટે આરોપીએ ફરીયાદીને એચ.ડી.એફ.સી.બેન્ક, હિમ્મતનગર શાખાનો ચેક નં.૦૦૦૦૦૧ નો રૂા.૨૮,૭૦૦/– નો તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજનો ચેકમાં સહી કરીને આપેલો અને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં જમા કરાવ્યેથી ચેકની રકમ મળી જશે. ત્યારબાદ સદર ચેક તેઓની ખાતાવાળી બેન્કમાં તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ રજુ કરતાં સદરહું ચેક રીટર્ન મેમાના કારણ ''ફંડસ ઇન્સફીશીયન્ટ'' ના શેરા સાથે તા. ૦૨/૧૨/૨૦૨૫ ના રોજ રીટર્ન થતાં બેન્કે ચેક સ્વીકારાયાં વગર તા. ૦૩/૧૨/૨૦૨૫ ના રોજ ફરીયાદીને પરત મળેલ. ત્યારબાદ સદર ચેક પરત ફર્યા બાબતની તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલેલ અને નોટીસ મળે દિન–૧૫ માં ચેકની રકમ ફરીયાદીને વસુલ આપી જવા જણાવેલ.જે નોટીસ આરોપીને તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીની લોનના નાણાં પણ વસુલ આપેલ નથી કે નોટીસનો પણ કોઇ જવાબ આપેલ નથી. આમ, ફરીયાદીને ચેકની રકમ વસુલ અપાવવા તેમજ ફરીયાદીને આરોપી પાસેથી મળવાપાત્ર વળતરની રકમ અપાવવા વિનંતી કરેલ છે તેમજ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઇ અન્વયે સજાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

૨. આમ, આરોપીએ ઉપરોકત રીટર્ન થયેલ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી આપેલા નથી કે ચુકવી આપવા અંગે કોઇ તૈયારી દર્શાવેલ નથી તથા રીટર્ન થયેલ ચેકના નાણાંની માંગણી કરવા છતાં પરત ન કરી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ની જોગવાઇ અંગેનો ગંભીર ગુનો કરેલ છે.

<u>આરોપીની પ્લી બાબત :–</u>

૩. આ કામના આરોપીને સમન્સ કરતાં આરોપી વકીલ મારફતે હાજર થઇ આરોપીની આંક–૦૮ થી પ્લી રેકર્ડ કરેલી, જેમાં તેઓએ ગુનો કબુલ નથી તેવુ જણાવતાં હોય આરોપીને ફરીયાદીના તમામ કાગળો મળેલાનુ સુનિશ્ચ્ચીત કરી ઇન્સાફી કાર્યવાહી શરૂ કરેલી.

<u>કેસની કાર્યવાહીનુ સ્વરૂપ :–</u>

૪. વટાવખત અધિનિયમની કલમ–૧૪૩ ની કલમ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે, એટલે કે, આ કેસની કાર્યવાહી સંહિતાના પ્રકરણ ૨૨ મુજબ ચલાવી શકાય છે. આમ, વટાવખત અધિનિયમની કલમ–૧૪૩ મુજબ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે. હાલનો કેસ સમરી ટ્રાયલ તરીકે ચલાવેલ છે.

<u>બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન :–</u>

૫. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેઓએ ફરીયાદીને આવો કોઇ ચેક આપેલ નથી અને તેઓની ઉપર ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકત અંગે સદરહું કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>–: મુદ્દા :–</u>

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આંક–૧૫ વાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

૭. ઉપરોકત મુદાઓના આ અદાલતના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

૮. ફરીયાદી તરફે વિ.વ.શ્રીનાએ દલીલ કરેલી છે કે, આ કામે ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે અને તમામ દસ્તાવેજ તથા મૌખીક પુરાવાથી પુરવાર કરેલ છે અને આરોપી અને ફરિયાદી વચ્ચેનો વ્યવહાર સાબિત થાય છે અને આરોપીને નોટિસ આપેલી તેમ છતાં કોઈ રકમ આપેલ નથી અને આરોપીએ કાયદાના અનુમાનોનું ખંડન કરેલ નથી કે પુરવાર પણ કરેલ નથી કે આરોપીએ ફરિયાદીને કોઈ રકમ આપવાની ન હતી તેથી આરોપીને પૂરેપૂરી સજા કરવા અને ફરિયાદીને યોગ્ય વળતર અપાવવા માટે વિનંતી કરે છે. જ્યારે આરોપી પક્ષની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

<u>–: કારણો :–</u>

૯. નિર્ણય માટે નીચે મુજબના કારણો આપવામાં આવેલ છે. મુદા નંબર–૧ અને ૨ ની ચર્ચા ફરીયાદીની હકીકતોનું પુનરાવર્તન ન થાય અને એકબીજા સાથે સંકળાયેલ હોય તે હેતુથી એકસાથે કરવામાં આવેલ છે.

<u>ફરીયાદ સમય મર્યાદામાં થયેલ છે કે કેમ તે અંગેના કારણો :-</u>

૧૦. આ કામે ફરીયાદી ધ્વારા હાલનો ચેક તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ બેન્કમાં જમા કરાવેલ જે ચેક તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા સાથે પરત ફરેલો જે જોતાં આંક-૧૯ વાળી તા.૧૨/૧૨/૨૦૨૫ ની નોટીસ આરોપીને સમય મર્યાદાની અંદર આપેલાનું જણાય છે. સદર નોટીસની બજવણી આરોપીના સરનામેં કરેલ છે તેમજ આરોપી ને નોટીસ બજી ગયેલ હોવાનુ રજી.એ.ડી.પહોંચ પરથી જણાય છે. જયારે હાલની ફરીયાદ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ દાખલ કરેલ છે. જે ફરીયાદ, ફરીયાદીએ આરોપીને નોટીસ મળ્યા બાદ ૧૫ દિવસ વિત્યા બાદ લેણી રકમ ચુકવેલ ન હોય તેના ૩૦ દિવસની અંદર હાલની ફરીયાદ દાખલ કરવાની હોય જે ફરીયાદીએ સમય મર્યાદામાં દાખલ કરેલ છે તેવુ કોર્ટનું તારણ છે.

<u>કોર્ટની હકુમત અંગે :-</u>

૧૧. હાલના ફરીયાદીએ સદરહું ચેક એ.યુ.સ્મોલ ફાયનાન્સ બેન્ક, ઈડર શાખામાં રજુ કરેલો જે હાલના ફરીયાદીએ પોતાનુ ખાતુ ધરાવતા બેન્કમાં રજુ કરવાનો હોય અને સદરહું બેન્ક ઈડર તાલુકાના એટલે કે,અત્રેની કોર્ટના ન્યાયક્ષેત્રમાં આવતી હોય જે જોતાં ફરીયાદી ની ફરીયાદ યોગ્ય હકુમતમાં દાખલ થયેલ છે.

૧૨. <u>પુરાવાના બોજા વિશે</u>

એ પ્રસ્થાપીત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ,તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો

ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ ''જ્યાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ – ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ ચુકવણી માટે ચેક આપેલો હતો "

૧૩. <u>કાયદાકીય જોગવાઈ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ</u>

હાલના તબક્કે હાલના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ વિશ્લેષણ કરતાં પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની નીચે મુજબની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

*"138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts**. – Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceed the amount arranged to be paid from that account by agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:*
Provided that nothing contained in this section shall apply unless- (a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier ;
(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the Bank regarding the return of the as unpaid,

and
(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.
Explanation : For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability."

આ કામે ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરેલ છે કે કેમ તે જોવુ જરૂરી છે. જેથી આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ***અપર્ણા એ. શાહ વિરૂધ્ધ શેઠ ડેવલપર્સ પ્રાઈવેટ લીમીટેડ,*** *[2013 (8) SCC 71]* ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૮ ઉપર નીચે મુજબની ચર્ચા કરેલ છે.

8. *In order to constitute an offence under Section 138 of the N.I. Act, this Court, in Jugesh Sehgal vs. Shamsher Singh Gogi, (2009) 14 SCC 683, noted the following ingredients which are required to be fulfilled:*
"(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;
(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;
(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;
(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;
(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;
(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course

of the cheque within 15 days of the receipt of the said notice. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

૧૪. આ કામના ફરીયાદી નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે, આરોપીએ આપેલો ચેક કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ ? તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે છે. જેથી આ કામના ફરીયાદીએ આંક–૦૪ થી રજુ કરેલી સોંગદ પરની જુબાનીને વંચાણે લઈએ તો તેમાં ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને તે સંબંધે ઉલટતપાસ કરેલ નથી.

૧૫. હાલના કેસની હકીકત જોવામાં આવે તો ફરિયાદીની જુબાની મુજબ આરોપીએ ફરિયાદીની કાયદેસરની બાકી લેણી રકમ રૂા. ૨૮,૭૦૦/– (અંકે રૂપિયા અઠયાવીસ હજાર સાતસો પુરા) માટે ફરિયાદીની તરફેણમાં ચેક લખી આપેલ, જે ચેક નં.૦૦૦૦૦૧ નો તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજનો ૨૮,૭૦૦/– (અંકે રૂપિયા અઠયાવીસ હજાર સાતસો પુરા)નો એચ.ડી.એફ.સી.બેન્ક, હિમ્મતનગર શાખાનો લખીને આપેલો. ફરિયાદીએ તેમની આ જુબાનીના સમર્થનમાં આંક–૧૫ થી આ અસલ ચેક રજુ કરેલ છે. આંક–૧૫ વાળા ચેકમાં આરોપીની સહી ના હોવાની કોઈ તકરાર લેવામાં આવેલી નથી. જેથી, ચેક આરોપીના ખાતાનો અને તેમાં આરોપીની સહી હોવાની ફરિયાદપક્ષના સાહેદની જુબાની ના માનવાને કોઈ કારણ નથી. આમ, ફરિયાદ પક્ષના સાહેદની જુબાની થી તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનુ પુરવાર થાય છે. આમ, એ પુરવાર થાય છે કે, આરોપી દ્વારા નિભાવવામાં આવતા ખાતાના ચેકમાં આરોપીની સહી છે.

૧૬. જેથી હાલના તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ***"ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ.ગુજરાત રાજ્ય"*** *[2006(1) GLR 786]* નો ચુકાદો જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે ચેકમાંની સહી આરોપીની હોવાનુ પુરવાર થાય ત્યારે અદાલતોએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન કરવાનુ રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કે.એન.બીના વિ.મુનીયપ્પન"*** *[(2001) Cr.L.J. 1745]* ના કેસમાં તથા નામદાર ગુજરાત વડી અદાલતે ***"હીતેનભાઈ પારેખ પ્રોપરાઈટર–પારેખ એન્ટરપ્રાઈઝ વિ.ગુજરાત રાજય અને બીજાઓ"*** *[2009(3) GLH 742]* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો સદરહુ કાયદાની કલમ–૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરુદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવું અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અદાલતે અનુમાન કરવાનુ જ રહે છે.

૧૭. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કે.એન.બીના વિ. મુનીયપ્પન"*** *[(2001) Cr.L.J.1745]* ના ચુકાદામાં તથા ***"હીતેન પી. દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"*** *[(2001) Cr.L.J. 4647]* ના ચુકાદામાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ***"ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. ગુજરાત રાજ્ય"*** *[2006(1) GLR 786]* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન એ ખંડનીય અનુમાન છે, એટલે કે, આ અનુમાનથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાથી અનુમાનનુ ખંડન થઈ શકે છે પરંતુ આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષની છે અને તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના

દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષ ઉપર રહેલી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે *"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી" [(2001) Cr.L.J. 4647]* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયેનુ અનુમાન હકીકતોનુ અનુમાન નથી પરંતુ કાયદાનુ અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનુ ખંડન સંતોષકારક એવા પુરાવાઓથી આરોપીપક્ષે કરવાનુ રહે છે એટલે કે, આ અનુમાનનુ ખંડન વાજબી અને પ્રતિતિજન્ય રીતે થઈ શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી આરોપીપક્ષની છે.

૧૮. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ***"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી** [(2001) Cr.L.J. 4647]* ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કાયદાના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી એ તેમના બચાવ માટે કરેલ ખુલાસો વાજબી અને સંભવીત હોવો તેટલું પુરતું નથી પરંતુ આ ખુલાસો સાચો છે તેવું લાગવું જોઈએ.

૧૯. આ બાબતે આરોપીના મુખ્ય બચાવ બાબતે ચર્ચા કરીએ તો,આરોપી જણાવે છે કે, તેઓએ ફરીયાદીને આવો કોઈ ચેક આપેલ નથી અને તેઓની ઉપર ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે પરંતુ આ હકીકત પુરવાર કરવા માટે આરોપીને તક આપેલી તેમ છતાં કોઈ યોગ્ય પુરાવો રજુ કરી શકેલ ન હોય કે ફરીયાદીની ઉલટતપાસ પણ કરેલી ન હોય તેથી આરોપીનો બચાવ માનવાલાયક જણાતો નથી અને લેવા ખાતર લીધેલ હોય તેમ જણાઈ આવે છે.આ કામે ફરીયાદી નિ:શંકપણે એવુ પુરવાર કરવાનુ રહે કે, આરોપીએ આપેલો ચેક કાયદેસરના લેણા અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે છે. આ કામના ફરીયાદી એ આંક-૦૪ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લઈએ તો તેમાં ફરીયાદ

મુજબના તથ્યોનું પુનરાવર્તન કરેલ છે. ત્યારબાદ ફરીયાદીની ઉલટતપાસ માટે કોઇ અરજી કરેલ ન હોય કે કોઇ પુરાવો રજુ ન હોય, આરોપીનો પુરાવાનો હકક બંધ કરવામાં કરવામાં આવેલ. આમ, આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરેલ ન હોય ફરીયાદમાં જણાવેલ હકીકતોને કોઇ પડકારતી બાબત રેકર્ડ પર લાવવામાં આવેલ ન હોય અને આરોપીએ ફરીયાદી પાસેથી મેળવેલ રકમની ચુકવણી પેટે ચેક આપેલો અને તે ચેક પરત ફરતા અને નોટીસ મોકલેલી જે આરોપીને બજી ગયેલ છે અને આરોપીએ રકમ ચુકવી આપેલ ન હોય,તેથી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો આચરેલ હોય તેવુ સાબિત થાય છે. વધુમાં, ફરીયાદી તરફે રજુ પુરાવા ને પડકારતો બચાવપક્ષે કોઇ બચાવ રજુ રાખવામાં આવેલ નથી.

૨૦. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે વિવિધ ચુકાદાઓમાં કરેલ અવલોકનને નજર સમાક્ષ રાખીને હાથ ઉપરના કેસની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપીને આપવામાં આવેલ રજુ કાનુની નોટીસ નો જવાબ આરોપીએ ઉપસ્થિત કરેલ નથી. એટલુ જ નહી આ કામે આરોપીને નોટીસ મોકલેલી છે તે અંગેનો પોસ્ટનો જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેનુ ખંડન આરોપી તરફે કરવામાં આવેલ નથી. તેમજ આરોપીએ ચેક ઉપર પોતાની સહીનો ઇન્કાર કરેલ નથી. વધુમાં,અત્રે એ હકીકત નોંધવી ઘટે કે આરોપી વિરુધ્ધ હાલની ફરીયાદ દાખલ કરતા પહેલા ફરીયાદીએ કાનુની નોટીસ પણ આપેલ છે, જે નોટીસમાં ચેકમાં જણાવ્યા મુજબની રકમની માંગણી ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ છે, જે નોટીસની આરોપીને જાણ હોવા છતાં આરોપીએ ચેક બાબતે કોઇ કાર્યવાહી કરેલ નથી અને નોટીસ બાબતે એકદમ મૌન સેવેલ છે. તેથી આરોપીનો કોઇ બચાવ હોય તેવુ જણાઇ આવતુ નથી અને ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવાનુ રહે.

૨૧. આમ, ઉપરોક્ત તમામ ચર્ચા અનુસાર હાલના કેસમાં આરોપી તકરારી ચેક ફરીયાદીને આપેલ ન હોય તેવો આરોપીનો બચાવ માનવાલાયક હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી અને તેથી આરોપી પક્ષ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલા નથી અને તેથી આંક–૧૫ વાળો ચેક આરોપીએ તેમના કાયદેસરના દેવા પેટે ફરીયાદી ને આપેલ હોવાનું અનુમાન આખરી અને નિર્ણાયક બની રહે છે.આમ, ફરીયાદીએ આંક–૧૫ વાળો ચેક કાયદેસરના દેવા પેટે ધારણ કરતાં હોવાનું પુરવાર થાય છે.

૨૨. આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *અપર્ણા એ. શાહ વિરૂધ્ધ શેઠ ડેવલપર્સ પ્રાઈવેટ લીમીટેડ, [2013 (8) SCC 71]* ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૮માં કરેલ ચર્ચા મુજબ ગુનાના તત્વો હાલના કેસમાં ફરિયાદીએ નિઃશંકપણે પુરવાર કરેલ છે.

૨૩. આમ, ફરિયાદી તકરારી ચેક તેમના કાયદેસરના લેણા પેટે ધરાવતા હોવાનુ પુરવાર થતુ હોય અને આરોપીએ તેમના દ્વારા નિભાવવામાં આવતા ખાતાનો આ ચેક તેમના દેવા પેટે ફરિયાદીને આપેલાનુ પુરવાર થતુ હોય તેમજ ફરિયાદપક્ષ દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના પ્રોવાઈઝો એ, બી અને સી ની જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ હોય ફરિયાદપક્ષએ નિઃશંકપણે પુરવાર કરી શકેલા છે કે, આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે ચેક નં.૦૦૦૦૦૧ નો તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજનો ૨૮,૭૦૦/– (અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર સાતસો પુરા)નો એચ.ડી.એફ.સી.બેન્ક, હિમ્મતનગર શાખાનો લખીને આપેલો.તે ચેક ફરિયાદીએ તેમની બેંકમાં જમા કરાવતા ''ફંડસ ઈન્સફીશીયન્ટ ના શેરા સાથે ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટિસ

આપવા છતાં આરોપીએ ચેકના નાણાંના ચુકવી ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી મુદા નં.૧,૨ નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૨) અન્વયે આ કામના આરોપી કપિલકુમાર અમૃતભાઈ ઠાકરડાને ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને સજા અંગે સાંભળવા મુલતવી.

હુકમ આજ રોજ તા.૦૩ જી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬
સ્થળ–ઈડર

(વિપ્લવ એચ.તૈરૈયા)
એડી.જયુડી.મેજી.ફ.ક.,ઈડર.
કોડ નં.જીજે ૦૧૬૮૧

–:: સજા બાબતે સાંભળ્યા ::–

ફરીયાદીના વિ.વ.શ્રી એવી દલીલ કરેલ છે કે,ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પોતાની ફરીયાદ સાબિત કરેલ છે અને આ રકમ મેળવવા માટે હાલની ફરીયાદ કરેલ હોય અને ફરીયાદી એ પોતાના પુરાવા પુરવાર કરેલ હોય, ફરીયાદીને નાણાંકીય નુકશાન થયેલ છે તેથી યોગ્ય વળતર અપાવવા તથા યોગ્ય સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રીનાઓએ એવી દલીલ કરેલ છે કે, આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે. આરોપી ઉપર તેઓના પરીવારની જવાબદારી છે. આ તમામ સંજોગો ધ્યાને લેતાં ઓછામાં ઓછી સજા કરવા ફરમાવવા વિનંતી કરેલ છે અને ચેકની રકમ બમણી ન કરવી અને ચેકની રકમ ઓછી કરવા વિનંતી કરેલ છે અને જો આરોપીને વધુ સજા કરવામાં આવશે તો આરોપીના કુટુંબને ભુખે ભરવાનો વારો આવશે અને આવકનો સ્ત્રોત નથી. આમ, આરોપી ઉપર દયા કરી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

ઉપરોકત મુજબની કેસની હકીકતો સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી કપિલકુમાર અમૃતભાઈ ઠાકરડાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે તથા ચેકની રકમનો દંડ કરવાનો હુકમ આવે છે.

(૨) આરોપીએ ઉપરોકત દંડની રકમ જમા કરાવ્યેથી ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આવી રકમ ચુકવવામાં ન આવે તો આરોપીએ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ હાલના કામે અગાઉ કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય તો બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ મજરે આપવા હુકમ કરવામાં આવે છે તેમજ સદર ચાલુ કામે આરોપીએ ચેકની જે રકમ ચુકવેલ હોય તે મજરે આપવી.

(૪) બી.એન.એસ.ની કલમ–૪૦૪ મુજબ આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે રજીસ્ટ્રએ પુરી પાડવી.

હુકમ આજ રોજ તા.૦૩ જી, માહે: જુલાઇ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬ (વિપ્લવ એચ.તૈરૈયા)
સ્થળ–ઈડર એડી.જયુડી.મેજી.ફ.ક.,ઈડર.
કોડ નં.જીજે ૦૧૬૮૧

//MAHAVIR//